# એબીજી શિપયાર્ડને જંગી ઓર્ડર

મુંબઈ : એબીજી શિપયાર્ડને સિંગાપુર ખાતેથી રૂ.૧૦૦૦ કરોડનો ૧૨ જહાજ માટે ઓર્ડર મળ્યો છે. ઉક્ત ઓર્ડર પેટેની આવક વર્ષ ૨૦૦૮થી શરૂ થશે. કંપનીની વર્તમાન ઓર્ડરબુક રૂ.૩૪૫૦ કરોડની છે. તે ધોરણે રૂ.૧૦૦૦ કરોડનો નવો ઓર્ડર કંપનીના હાથ પરના ઓર્ડરના ૪૦ ટકા થવા જાય છે. કંપની આગામી વર્ષમાં તેનું માર્જિન ૧૮-૨૦ ટકાએ જાળવી રાખવા આશાવાદી છે. કંપનીના મેને. ડિરે. રિષી અગરવાલના જણાવ્યા મુજબ કંપનીએ તેની સુરત ખાતેની જહાજી બાંધકામની ક્ષમતામાં ૨૫ ટકા વૃદ્ધિ કરી છે. કંપનીનો દહેજ ખાતેનો પ્રોજેક્ટ આમ તો વર્ષ ૦૮-૦૯માં શરૂ થવાનો છે.